For Private Circulation Only
Price Rs. 5/-

# B.P.A. newsletter

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA) AHMEDABAD
Devoted to Comprehensive Development Of Persons with Disabilities

વર્ષ : ૩૬ | અંક : ૧ | એપ્રિલ - ૨૦૨૧ (This Newsletter is available on website : www.bpaindia.org)
(આ મુખપત્ર રાષ્ટ્રીય અંધજન મંડળ હેઠળ ચાલતી શિક્ષણ યોજનાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું પ્રતિબિંબ છે.)

RESEARCH & NEWSLETTER
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## કોવિડ - ૧૯ શૈક્ષણિક સુવિધા

કોવિડ-૧૯નાં આ કપરાકાળમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં કોઈ વિઘ્ન ન આવે અને તેઓ સરળતાથી શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે દ્રષ્ટિક્ષતિ બહુવિક્લાંગ બાળકો માટે માસિક શૈક્ષણિક યોજના આધારિત વાલી સાથે શૈક્ષણિક સંપર્ક કરવામાં આવ્યો. બાળકનાં શૈક્ષણિક વિકાસ માટે મોબાઈલ ઉપકરણ દ્વારા હેતુલક્ષી પ્રશ્નોનાં જવાબ તેમજ હોમવર્ક દ્વારા શહેરી ગીચ વિસ્તારમાં અસુવિધાઓ સાથે રહેતા જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓ માટે બીપીએ દ્વારા ડિજીટલ પ્લેટફોર્મ પુરૂ પાડતી એક અનોખી પહેલ કરી હતી અને વર્ચ્યુઅલ સંપર્ક દ્વારા ઔદ્યોગિક એકમનાં સી.એસ.આર દ્વારા દ્રષ્ટિક્ષતિ, અલ્પદ્રષ્ટિ તેમજ બહુ વિક્લાંગ વિદ્યાર્થીઓ માટે નવીન ફલોરીન કંપનીનો સંપર્ક કરતાં કંપનીનાં અધ્યક્ષશ્રી વિશાદ મફતલાલે તત્પરતા દર્શાવીને સુરત, ભરૂચ, અમદાવાદનાં વિદ્યાર્થીઓ માટે ૨૩૦ મોબાઈલ ફોન જરૂરિયાત મંદોને આપીને સામાજીક ક્ષેત્રે મદદરૂપ રહ્યાં હતાં.




૧૦૦ મોબાઈલ ફોનનું વિતરણ તારીખ : ૨૬-૦૧-૨૦૨૧ નાં રોજ કરવામાં આવ્યું તેમાં નવીન ફલોરીન આંતરરાષ્ટ્રીય લિ. શ્રી જ્ઞાનચંદ જૈન અધ્યક્ષશ્રી અને શ્રી ગોહિલ એચ. આર શ્રી હાજર રહ્યાં હતાં.




તારીખ : ૧૦-૦૨-૨૦૨૧ ના રોજ ૮૪ દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને સ્માર્ટ મોબાઈલ ફોન ભરૂચ સી.એસ.આરનાં સહયોગથી એન.એફ.આઈ.એલ દ્વારા વિતરણ કરવામાં આવ્યા હતાં. તેમાં કંપનીનાં શ્રી લલિત જૈન, શ્રી ભરત ધારૈયા ઉપસ્થિત રહ્યાં હતાં.

તારીખ : ૧૫-૦૩-૨૦૨૧ નાં રોજ ભાવનગર ખાતે ૮૪ સ્માર્ટ ફોન દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતાં. આ સમયે પદ્મનાભ મફતલાલ ગૃપનાં ડાયરેક્ટર શ્રી મનોજ પંડ્યા ઉપસ્થિત રહ્યાં હતા.





# નટરાજ ઘરઘંટી આરોગ્ય સુવિધા - વાહન અનુદાન






બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશનનાં નેજા તળે કાર્યરત બારેજા આંખની હોસ્પીટલમાં આવતા દર્દીઓની શસ્ત્રક્રિયા સહ સાર સંભાળ અને આંખનાં દર્દીઓનાં વિવિધ વિસ્તારોમાં નેત્ર નિદાન કેમ્પ માટે મેડીકલ વાહનની પણ જરૂર હોય છે. અહી હંમેશા કરૂણામય રહેલા દાતાશ્રી નટરાજ ઘરઘંટી તરફથી મેડીકલ વાનનું અનુદાન કરવામાં આવ્યું હતું. નટરાજ ઘરઘંટીનાં ઉદ્યોગ જુથનાં સ્થાપકશ્રી હર્ષદ એમ. પાઠક હંમેશા ગરીબ જરૂરિયાત મંદ દર્દીઓનાં ઓપરેશન માટે મદદરૂપ થતાં હતાં. શ્રી હર્ષદભાઈનું નિધન થતાં તેઓનાં પુત્ર શ્રી દેવાંગભાઈએ પિતાશ્રીનાં ઉચ્ચ કરૂણામય વિચારો સાથે ગરીબ દર્દીઓનાં સારવાર માટે અનુદાન કરવામાં હંમેશા અગ્રેસરતા દર્શાવી છે. પિતાશ્રીનાં જન્મદિનની સ્મૃતિમાં તારીખ : ૧૨-૦૧-૨૦૨૧ નાં રોજ નેત્ર નિદાન ચિકિત્સા કેમ્પ યોજીને તેમજ મેડીકલ વાન આપીને જરૂરિયાત મંદોને મદદરૂપ બન્યા હતા.

## યુકો બેન્ક કીટ વિતરણ



યુકો બેન્કનાં ૭૮ માં સ્થાપના દિવસ તા. ૬, જાન્યુઆરી, ૨૦૨૧ નાં રોજ ઉજવણી પ્રસંગે દિવ્યાંગજનોને મદદરૂપ થઈને બેન્કનાં સ્થાપના દિનની યાદોને તાજી કરી હતી. આ સંદર્ભે ૫૦ "હેલ્પીંગ હેન્ડ ગ્રીન કીટ" નું વિતરણ બીપીએનાં દિવ્યાંગજનોને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુકો બેન્કનાં ઝોનલ મેનેજરશ્રી પરાગ એમ. શાહ, અમદાવાદ અને તેઓની ટીમ કીટ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયાં હતાં.

## ટ્રાયસિકલ વિતરણ





કાલુપુર બેન્ક (મલ્ટી શિડ્યુલ બેન્ક) ના સ્થાપના દિન ૫ ડિસેમ્બરની ઉજવણીમાં જરૂરિયાત મંદ અસ્થિ વિષયક ૫૧ દિવ્યાંગજનોને ટ્રાયસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ વિતરણ કાર્યક્રમમાં કાલુપુર બેન્કનાં અધિકારીશ્રી, બેન્ક મહિલા સ્ટાફ હોદ્દેદારો અને તેમની અર્ધાંગનિ સહિત જોડાયા હતા. આ પ્રસંગે મહિલાઓમાં શ્રી મધુબેન અંબુભાઈ પટેલ, શ્રીમતી મીનાબેન નવીનભાઈ પટેલ, શ્રીમતી શ્વેતાબેન મિનેશભાઈ પટેલ, શ્રીમતી કેતકીબેન હસમુખભાઈ પટેલ, બેન્ક એક્ઝીક્યુટ મૂલીબેન બોડીવાલા, તેમજ શ્રી યાકી ઉપાધ્યાય અને શ્રી હંસી નાયર ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાઘબકરી વિઝન સેન્ટર - મહેમદાવાદ

વાઘ બકરી વિઝન સેન્ટર દ્વારા મહેમદાવાદમાં નેત્ર નિદાન કેમ્પ તા. ૧૨-૦૨-૨૦૨૧ નાં રોજ યોજાયો હતો. આ કેમ્પમાં ૨૦૦ દર્દીઓની નેત્ર તપાસ કરવામાં આવી હતી. તેમાં મોતિયાની શસ્ત્રક્રિયા માટે ૮૦ દર્દીઓને સ્પે. વાહન વ્યવસ્થા દ્વારા પોરેચા આંખની હોસ્પિટલમાં લઈ આવવામાં આવ્યાં હતા. આ કેમ્પસના આયોજન તેમજ સુચારૂ સુવિધાઓ અને આંખ સર્જરી માટે વાઘ બકરી ચ્હા કંપની દ્વારા નાણાકીય ભંડોળ આપવામાં




આવ્યું હતું. આમ અતિ જરૂરિયાત મંદોને મદદરૂપ બનવા વાઘ બકરી ટી કંપની હંમેશા સેવામાં જોડાયેલા રહ્યાં છે. તેઓએ બીપીએ કેમ્પસમાં સોલાર પ્લાન્ટ આપવાની ખાતરી આપી હતી. આ વિઝન કેમ્પ કાર્યક્રમમાં બીપીએ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી, નંદિનીબેન રાવલ, બારેજા આઈ કેર ના ડો. શ્રી ધર્મેન્દ્ર જૈના અને વાઘબકરીના પ્રતિનીધિશ્રીનાં કુ. લતાબેન બ્રહ્મભટ્ટ કેમ્પમાં ઉપસ્થિત રહીને કેમ્પનું નિરીક્ષણ કર્યું હતું.



## સ્માર્ટફોન



નેશનલ ફેડરેશન ઓફ ઈન્સ્યુરન્સ ફિલ્ડ વર્ક્સઈન્ડિયા દ્વારા અમદાવાદ શહેરનાં દિવ્યાંગજનોને વર્ચ્યુઅલ શિક્ષણ માટે બીપીએમાં ૧,૧૧,૧૧૧ રૂ. નું માતબર દાન એન. એફ. આઈ. એફ. ડબલ્યુ આઈ નાં ઓલ ઈન્ડિયાનાં વાઈસ પ્રેસિડન્ટ શ્રી દિપકભાઈ વાઘેલા અને યોગેશભાઈ શાહને અમદાવાદ વાઈસ પ્રેસિડન્ટ તેમજ શ્રી ધર્મેશભાઈ શાહ જોઈન્ટ સેક્રેટરીનાં વરદ્ હસ્તે બીપીએને ચેક વિતરણ કરવામાં આવ્યો હતો.

## મુથુટ ફાયનાન્સ સ્થાપના દિન ઉજવણી




મુથુટ ફાઈનાન્સ લિ. નાં સ્થાપનાં દિનની ઉજવણીનાં પ્રકરણનાં ભાગરૂપે બીપીએનાં બાળકોને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું. મુથુટ ફાઈનાન્સનાં રિજીયોનલ મેનેજરશ્રી એમ. એન. પરમાર તેમજ તેમની ટીમ હાજર રહ્યાં હતાં.

## સ્માર્ટ વર્ગ સહાયતા






દિવ્યાંગજનોનાં શિક્ષણમાં વધુ સરળતા પ્રાપ્ત થાય તે વિચારધારાથી કેનેરા બેન્કનાં સી.એસ.આર દ્વારા બહુ વિક્લાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓના સ્માર્ટ ખંડ માટે દાતાશ્રીઓએ અનુદાન કર્યું હતું. આ સ્માર્ટખંડનું ઉદ્‌ઘાટન બીપીએમાં તારીખ : ૧૩-૦૧-૨૦૨૧ નાં રોજ કરવામાં આવ્યું હતું. કેનેરા બેન્કનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી મણી મેખલાઈ સ્માર્ટ વર્ગ શિક્ષણ ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે શ્રી જી.એલ.એમ.એફ સર્કલનાં રાષ્ટ્રીય અધ્યક્ષ નીધી કરનાળીએ બીપીએનાં આઈ.ટી.આઈ વિભાગમાં સ્માર્ટ વર્ગનું ઉદ્‌ઘાટન ૨૪-૦૧-૨૦૨૧ નાં રોજ કર્યું હતું. આ સમયે બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ તેમજ રાઉન્ડ ટેબલ ઈન્ડિયાનાં મદદનીશ અધ્યક્ષ શ્રી અંકિત પરીખ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે તારીખ : ૧૮, ફેબ્રુઆરીનાં રોજ બીપીએની સંમ્મલિત વિદ્યાલય, બાવળા ખાતે સ્માર્ટવર્ગનાં શુભારંભમાં શ્રી પ્રિયેશ શાહ, રોહનભાઈ, રાઉન્ડ ટેબલ ૪૦ નાં ઉચ્ચ પદાધિકારીશ્રી હાજર રહ્યાં હતાં. તેમજ બીપીએનાં ફિઝીયોથેરાપી સ્કુલમાં તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ નાં રોજ સ્માર્ટ ક્લાસ ઉદ્‌ઘાટનમાં જાણીતા પ્રખર અગ્રણી ધારાશાસ્ત્રી શ્રી સુધીર નાણાવટીએ સ્માર્ટ વર્ગનું ઉદ્‌ઘાટન કર્યું હતું.



## નાઝ કેમ્પસમાં સોલાર પ્લાન્ટ

બીપીએ સંચાલિત નાઝ કેમ્પસમાં નિઃસહાય જરૂરિયાત મંદ દિવ્યાંગજનો જીવન કૌશલ્યો અને શિક્ષણ મેળવી રહ્યાં છે. આ કેમ્પસમાં અદ્યતન ગુણવત્તા સભર ૧૬ કે.વી "સોલાર પ્લાન્ટ" પોસ્કો કંપનીનાં સહયોગથી ૨૫-૦૩-૨૦૨૧ નાં રોજ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટનાં ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં કંપનીનાં જનરલ મેનેજર શ્રી, યુનુસભાઈ તેમજ મેનેજરશ્રી અભિનવ પાલસિંઘ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. અત્રે પોસ્કો કંપનીએ બીપીએ નાઝ કેમ્પસમાં સુલભ વોશરૂમ માટે પણ ફંડ આપ્યું હતું.



## શ્રીમતી બેલાબેન અને યોગેશભાઈ આઈ હોસ્પિટલ




બીપીએ સંચાલિત વાત્રકમાં આંખની હોસ્પિટલનાં નિર્માણ માટે દાતાશ્રી બેલાબેન અને યોગેશભાઈ પટેલે માતબર દાન રૂ. ૨ કરોડ આપ્યા છે, ત્યારે તેમનાં નામકરણથી શરૂ થતી આ અદ્યતન આઈ હોસ્પિટલ નાં સુચારૂ બિલ્ડીંગ કાર્ય માટે સ્થાનિક વહીવટી સ્તરે પણ મદદરૂપ બનવા તત્પરતા દર્શાવી હતી. હોસ્પિટલનું નિર્માણ ગતિશીલ બને તે માટે કોર ગૃપની મિટીંગ તારીખ : ૨૬ ફેબ્રુઆરી એ મળી હતી.

## SVCT DONATION FOR MOTIYAN MUKT SABARKANTHA



## DONATION BY MASONIC LODGE FELLOWSHIP




## મુંબઈથી ઓનલાઈન મદદરૂપ

શ્રેષ્ઠ ઉમદા વિચાર સરણી ધરાવતાં મુંબઈનાં શ્રી બીજ્જુ પીલ્લઈએ ઓનલાઈન દાતાશ્રી રહીને દિવ્યાંગજનો માટે આશીર્વાદરૂપ બની રહ્યાં છે. તેઓએ દિવ્યાંગજનો તેમનું દૈનિક જીવન સરળતાથી પસાર કરી શકે, તે માટે વ્હીલચેર, હીઅરીંગ એઈડ, ટ્રાઈસીકલ, શૈક્ષણિક કીટ, બ્યુટીપાર્લર કીટ, શિવણ મશીન કીટ, રોજગાર કીટ, તેમજ આવી અનેક વિવિધ સવલતો માટે દિવ્યાંગજનોને જરૂરત માટે રૂ. ૮ લાખની રકમનું ઓનલાઈન દાન આપીને દિવ્યાંગજનો માટે મદદરૂપ રહ્યાં હતાં.

## રાશન કીટ વિતરણ- કચ્છ

કોરોના કાળની મુશ્કેલીમાં સામાન્ય જીવન વ્યતીત કરતાં વ્યક્તિઓની હાલત દયનીય સ્થિતિમાં મુકાઈ ગઈ હોય ત્યારે ગરીબ પરિવારમાં રહેતા દિવ્યાંગજનોને બે ટાઈમ ભોજન માટે ખુબજ કફોડી સ્થિતિ સર્જાય છે.પરિવારજનો પણ આ પરિસ્થિતિમાં નિઃસહાય બની ગયા છે. ત્યારે કચ્છ જીલ્લામાં બીપીએ સંચાલિત સેન્ટર દ્વારા ‘એક લક્ષ્ય, ધ્યેય દ્રષ્ટિ’ સાથે ની ઝુંબેશમાં ૫૫૦ દિવ્યાંગજનો ડ્રાય રેશનકીટનું બીપીએ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.



## GLOBAL GIVING BADGES

Global Giving is one of the largest online crowd funding platform for fund raising. BPA has raised more than 1.75 Lacs US$ from this platform for various project. The platform conducts various online events, and exercises to earn effectiveness rewards. In the year 2020, BPA was ranked 25 out 6898 organizations, and was rewarded badges by the Global Giving.




BPA has been awarded various badges by #GlobalGiving for outstanding performances in the year 2020. #crowdfunding #disability



# સ્વ. નંદિનીબેન મુન્શા સહાય

સેવાનાં ઉમદા ગુણો વિચારોથી બીપીએમાં જોડાયેલા સ્વ. નંદિનીબેન મુન્શા તેઓની યુવાવસ્થામાં સંસ્થામાં સેવાકીય રીતે રીડર અને ત્યાર બાદ ટ્રસ્ટી અને જનરલ સેક્રેટરીનાં પદ પર મૃત્યુપર્યન્ત રહ્યા. તેઓ હંમેશા દિવ્યાંગજનોને કઈ રીતે મદદરૂપ બની શકાય તેની હંમેશા ઝંખના સેવતા રહ્યાં. ખુબ જ ધનાઢ્ય પરિવારમાં ઉછેર તથા વિનમ્ર અને હંમેશા દયાળુ વૃતિ ધરાવતાં શ્રી નંદિનીબેન મુન્શાએ તેમના ભંડોળમાંથી, વાલી તાલીમ કાર્યક્રમ, જ્યોત્સના ઝવેરી ફિંગર શોપ, જ્યોત્સના ઝવેરી વિઝન અને બીપીએનાં બિલ્ડીંગ નં ૮ માં તૈયાર થતાં સંપુર્ણ એક માળ બનાવવાનાં દાતા શ્રી રહ્યાં છે. તેઓનું વર્ષ ૨૦૨૦ માં વયોવૃધ્ધતાને કારણે નિધન થતાં તેઓની પ્રથમ પુણ્યતિથિએ એક કરોડનું માતબર દાન ૨૬-૦૩-૨૦૨૧ નાં રોજ પરિવારજનોએ આપ્યું હતું.

# સ્વ. જગદીશ. કે. પટેલ ૨૨ મી પુણ્યતિથી ૩૧, માર્ચ - ૨૦૨૧







શ્રી જગદીશભાઈ કે. પટેલ બીપીએ સંસ્થાનાં આદ્ય સ્થાપક હતા. શ્રી જગદીશભાઈ ફિઝીયોથેરાપી ની તાલીમ પ્રાપ્ત કરીને એક નાનકડી રિક્રિએશન ક્લબથી દિવ્યાંગજનોની સેવા માટે સદ્કાર્ય શરૂ કર્યું હતું. તેઓની આંતરિકી કોઠા સુઝ અને દ્રષ્ટિહીનો, દિવ્યાંગજનો માટે ના હકોની સરકારમાં, સમાજમાં જાગૃતિનું કાર્ય અવિરત સતત આજીવન પર્યંત કરતાં રહ્યાં હતાં. તેઓનું નિધન ૩૧, માર્ચ ૧૯૯૯ માં થયુ હતું. આજે ૨૨ મી પુણ્યતિથી તેઓની યાદો તાજી કરીએ ત્યારે દિવ્યાંગજનો માટે શૈક્ષણિક પુનર્વસન અને રોજગાર ક્ષેત્રે તેઓની ઉમદા વિચાર સરણીને અનુસરીને સંસ્થા આજે ગુજરાત, દેશ અને આંતર રાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરી રહી છે. સરકારમાં દિવ્યાંગજનોના હક્કોમાં ૨૧ દિવ્યાંગતા અર્થે ૨૦૧૬ માં વિક્લાંગધારો સ્વીકૃત કરાવી સમાજમાં દિવ્યાંગજનો માટે એક ભગીરથ કાર્ય ગણાવી શકાય.

શ્રી જગદીશભાઈ અને તેમનાં અર્ધાંગિની ભદ્રા બા હંમેશા દ્રષ્ટિહીનો, વિક્લાંગજનોને સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે હંમેશા મનો મંથન કરીને સંસ્થાનાં પદાધિકારીશ્રીઓ સાથે વિચારોનું આદાન પ્રદાન કરતાં હતા. આજે બીપીએ કોવિડ - ૧૯ ની ભયાવહ પરિસ્થિતિમાં પણ દ્રષ્ટિહીનોને મોબીલીટીથી કેવી રીતે મદદ મળે? તો તેના માટે વિડિયો બનાવી દ્રષ્ટિહીનોને મદદરૂપ બનવા તેમજ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા દિવ્યાંગજનો માટે સંસ્થા દિન પ્રતિદિન અગ્રેસર બની રહી છે.

આ ૨૨ મી પુણ્યતિથિ એ સંસ્થાનાં ઉચ્ચ પદાધિકારીશ્રી, કર્મચારીશ્રી, બીપીએ કેમ્પસમાં આવેલા શ્રી જગદીશભાઈનાં સ્ટેટ્યુને પુષ્પ ગુચ્છથી શ્રધ્ધાંજલિ આપી રહ્યાં છે.







# જીવનમાં પામીએ થોડું વિશેષ
















સતત ધબકતા પણ આંશિક જીવન સંસારનાં વ્યવહારમાં કંઈક થોડું વિશેષ પામવાની ખેવના સાથે શ્રી ભરત પારેખ લેખક શ્રી દ્વારા **"જીવનમાં પામીએ થોડું વિશેષ"** પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ પુસ્તકનાં લેખકશ્રીનું જીવન મધ્યમ કુટુંબમાંથી અથાગ પરિશ્રમ અને મહેનતથી તેઓ શ્રી એલ.આઈ.સી નાં ફાઈનાન્સીયલ એડવાઈઝર સુધીનું પદ તેઓએ પ્રાપ્ત કર્યું છે.

લેખકે તેમનાં પુસ્તકમાં તેમનાં અનુભવોનો નિચોડ અને જીવન વાસ્તવિકતા વિષે ઉમદા લેખન કર્યું છે. પુસ્તકનાં વિમોચન સમયે જણાવ્યું હતું કે આ પુસ્તકની પાંચ હજાર ગુજરાતી કોપીઓનું વેચાણ કરતાં તેની તમામ રકમ અંધજન મંડળ, વસ્ત્રાપુરને આપવાની ઘોષણા કરી હતી. આ પુસ્તકને તૈયાર કરાવવા માટે બીપીએનાં વોલન્ટિયર શ્રી નિતીન શાહ ડેવલપમેન્ટ ઓફિસર, એલ.આઈ.સીએ અથાગ પ્રયાસ અને જહેમત ઉથાવી હતી. આ પુસ્તકનો વર્ચ્યુઅલ કાર્યક્રમ તારીખ : ૧૭ ફેબ્રુઆરી-૨૦૨૧ નાં રોજ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી સી. વિકાસ રોય, ઝોનલ મેનેજર શ્રી, એલ.આઈ.સી, શ્રી પાર્થ સામલ રિજીયોનલ મેનેજર માર્કેટીંગ એલ.આઈ.સી શ્રી આર.બિશ્વાસ, ડિવીઝનલ મેનેજર, એલ.આઈ.સી, અમદાવાદ શ્રી એલ.ટી મુલચંદાણી તેમજ શ્રી ભરત પારેખ લેખક શ્રી તેમજ સ્વામી આધ્યાત્મનંદજી શિવાનંદ-મિશન અને બીપીએનાં ડાયરેક્ટર શ્રી નંદિનીબેન રાવલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉષા સિલાઈ કાર્યક્રમ



સ્વરોજગાર તેમજ રોજગાર ક્ષેત્રમાં દિવ્યાંગ મહિલા યુવતીઓને સિલાઈ મશીનની તાલીમ આપી પગભર થવાના અથાગ પ્રયત્નો ઉષા ઈન્ટરનેશનલ લિમીટેડ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. વલસાડ અને ડાંગ જિલ્લામાં દિવ્યાંગ મહિલાઓ માટે બીપીએનાં સંયુક્ત ઉપક્રમે સેટલાઈટ સ્કુલ તાલીમ કાર્યક્રમને આયોજીત કરવામાં આવ્યો હતો અને આસપાસનાં ગામનાં સફળ તાલીમ પ્રાપ્ત મહિલાઓ દ્વારા બે દિવસીય રિફ્રેશર પ્રોગ્રામ કરીનો મહિલાઓ માર્ગદર્શિત કર્યા હતાં.




# નવી શિક્ષણ નિતીનું બ્રેઈલીકરણ

લાયન્સ કલબ ઓફ વસ્ત્રાપુર, અમદાવાદનાં ઉમદા સહયોગથી ન્યૂ એજ્યુકેશન પોલીસીને બ્રેઈલ લિપીમાં તૈયાર કરીને શ્રી ભરત છાજડ - લાયન્સ ડિસ્ટ્રીક્ટ ગવર્નર દ્વારા "એજ્યુકેશન પોલિસી" નું તારીખ : ૧૮/૦૨/૨૦૨૧નાં રોજ વિમોચન કરીને લાયન્સ કલબ, વસ્ત્રાપુરનાં હોદ્દેદાર શ્રી ચંદ્રકાન્ત સોલંકીને આપવામાં આવ્યું હતું.





## વર્ચ્યુઅલ કમિટી મીટીંગ

કોવિડ - ૧૯ ની ભયાવહ પરિસ્થિતિ સમયે દરેક કાર્યક્ષેત્રમાં મુશ્કેલી સર્જાય છે. કોરોના સમયમાં કરેલા કાર્યની નોંધ તેમજ ભવિષ્યની વિવિધ કાર્ય નોંધ માટે તારીખ ૨૭ માર્ચનાં રોજ વર્ચ્યુઅલ એક્ઝીક્યુટીવ મીટીંગ યોજાઈ હતી. તેમાં બીપીએ, સદ્ભાવના રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ડો જીત મહેતા બાળશાળા ટ્રસ્ટ, નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડની શાખાઓ બ્રાન્ચ (ગુજરાત રાજ્ય), ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ પીપલ્સ વીથ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ ઈન્ડિયા રહ્યાં હતાં.

# એવોર્ડ અભિનંદન

બીપીએનાં જનરલ સેક્રેટરી શ્રી ડો. ભૂષણ પૂનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી નંદિનીબેન રાવલ અને મેનેજર શ્રી ભરતભાઈ જોશીને એન. એ. બી, ભાવનગર ખાતે શ્રેષ્ઠ સેવામાં સેવારત રહ્યાં તે બદલ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.







## ACHIEVEMENT AWARDS ON INTERNATIONAL WOMEN'S DAY




અવિનાસી લીંગમ ઈન્સ્ટિટ્યુટ હોમ સાયન્સ અને હાયર એજ્યુકેશન કોઈમ્બતુર દ્વારા વુમન એચીવમેન્ટ અવોર્ડ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હતો. તારીખ ૮ માર્ચ ૨૦૨૧ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી નંદિનીબેન રાવલને એવોર્ડ પ્રાપ્ત થયો હતો.




લેડીઝ સર્કલ ૬૪ દ્વારા આઉટસ્ટેન્ડિંગ એચીવમેન્ટ એવોર્ડ મહિલા રાષ્ટ્રીય દિને શ્રી ઉશાબેન જોશીને પ્રાપ્ત થયો હતો.



અખિલ ગુજરાત નિહારીન જાગૃતિ મંડળ દ્વારા સૌરાષ્ટ્ર સખી મંડળ દ્વારા ૮ માર્ચે વિશિષ્ટ શિક્ષક શ્રી પંકજબેન લુહારનો આઉટ સ્ટેન્ડીંગ એચીવમેન્ટ પરફોર્મન્સ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.

## નેશનલ પેરા સ્પોટર્સ, બેંગ્લોર




દિવ્યાંગ ચુનંદા રમતવીરોની ગુજરાત ટીમ નેશનલ પેરા સ્પોટ્ર્સમાં બેંગ્લોર રમવા ગઈ હતી. આ ટીમનું સંચાલન બીપીએનાં શ્રી તેજલ લાખિયાએ કર્યું હતું. આ નેશનલ પેરા રમતગમત દરમ્યાન બેંગ્લોરમાં કર્ણાટકનાં મહા મહિમ રાજયપાલ શ્રી વજુભાઈ વાળા સાથે બીપીએનાં પેરા સ્પોટ્ર્સ ટીમ મળ્યા હતા. આ તબક્કે કર્ણાટકનાં રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાએ દિવ્યાંગજનોનું અભિવાદન કર્યું હતું.






ડૉ. બી. આર આંબેડકર યુર્નિ દ્વારા વિદ્યાર્થીઓને તારીખ : ૧૩-૦૧-૨૦૨૧ નાં રોજ એવોર્ડ સમારંભ યોજાયો હતો. તેમાં ગુજરાતનાં માનવીય મુખ્યમંત્રીશ્રીનાં અર્ધાંગિની શ્રી અંજલિબેન રૂપાણીનાં હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ અંધજન મંડળનાં એડલ્ટ ટ્રેનીંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ, વસ્ત્રાપુરનાં મ્યુઝીક શિક્ષક શ્રી સોનલબેન માઘાણીને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે સ્પે. બી.એડમાં પ્રાપ્ત થયેલ છે.

## સાઈન લેન્ગવેજ શિક્ષણ



બીપીએનાં જુદા જુદા દિવ્યાંગતાનાં સેન્ટરો પૈકી નાઝ, બાવળા, જીત મહેતા બાળશાળા અને આર. એમ પરીખ સેન્ટરના ૩૦ સ્પે શિક્ષકોને શ્રવણ મંદ વિદ્યાર્થીઓનાં શિક્ષણ માટે સાઈન લેન્ગવેજ શ્રી આભા જોશી કો ઓર્ડીનેટરે શીખ્યા હતાં.

## આઈ.સી.ઈ.વી.આઈ ઈસ્ટ ઈન્ડિયા કોન્ફરન્સ

આઈસીઈવીઆઈ, સેન્સ કોન્ફરન્સ કાઠમંડુ ખાતે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૦ માં થઈ હતી. ત્યારબાદ રીજ્યોનલ પ્રથમ કોન્ફરન્સ વર્ચ્યુઅલ ફર્મમાં તારીખ ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૧નાં રોજ ભારતમાં યોજાઈ હતી. આ વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં ઓરિસ્સા, બિહાર, વેસ્ટ બેંગાલ અને ઝારખંડથી ૪૯૫ પાર્ટીસિપેટ્સોએ ભાગ લીધો હતો. તેમાં ૨૦૦ પાર્ટીસિપેટ્સોને આઈ.સી.ઈ.વી.આઈ સર્ટીફિકેટ્સ આપવામાં આવ્યા હતાં. આ વર્ચ્યુઅલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન શ્રી સમીર રંજનદાસ શિક્ષણ વિભાગ ઓરિસ્સા સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ મુખ્ય મહેમાન તરીકે સમાપન કાર્યક્રમમાં સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ શ્રી દિપક મિશ્રા, ન્યુ દિલ્હી વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહીને દિવ્યાંગજનોનાં શિક્ષણ અધિકારોની રસપ્રદ છણાવટ કરી.



## દિવ્યાંગજન સહાય

બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન દિવ્યાંગજનોનાં સશક્તિકરણ માટે એડી ઈપી યોજના હેઠળ રૂ ૩૨ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી હતી. તેમાં રાજ્યનાં સાબરકાંઠા, અરવલ્લી, પોરબંદર, મહીસાગર અને અમરેલીનાં દિવ્યાંગ લાભાર્થીઓ માટે બીપીએ દ્વારા કેમ્પ અને સર્વે કરી જરૂરિયાત આધારિત દિવ્યાંગજનોને યોગ્ય ઉપકરણો પ્રદાન કરવામાં આવ્યા હતાં. આમ ક્રમશઃ પ્રથમ શિબિર માં ૩ માર્ચ પોરબંદર જિલ્લામાં યોજાઈ હતી. તેમાં ૧૧૮ લાભાર્થી રહ્યાં હતાં. જ્યારે ૧૮ માર્ચ મહીસાગરમાં ૧૩૨ લાભાર્થીઓ આવ્યાં હતાં. તેમજ તા. ૨૦ માર્ચ અરવલ્લી માં ૧૧૮ લાભાર્થી રહ્યાં હતાં અને તા. ૨૩ માર્ચ સાબરકાંઠાનાં ૩૧૬ લાભાર્થી રહ્યાં હતાં.









## મોબીલીટી કોવિડ-૧૯

નેત્રહીનો એક સ્થળેથી બીજા સ્થળે આવન-જાવન કરવામાં પોતાની પાસે વ્હાઈટ કેન (સફેદ લાકડી) નો ઉપયોગ કરે છે. પરંતુ કોરોનાની મહામારીની સ્થિતિમાં દ્રષ્ટિહીનો રસ્તો ક્રોસ કરવો અથવા અજાણ્યા સ્થળેથી અન્યત્ર જગ્યાએ જવું તેમાં માનવીની મદદની જરૂર હોય છે. જ્યારે કોવિડ-૧૯નાં આ મહામારીનાં રોગનાં સમયમાં માનવી માનવીની નજીક જવામાં વાઈરસથી સંક્રમિત થવાનું મોટુ ભય સ્થાન હતું.



આ સમયે દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓને મદદરૂપ કઈ રીતે થઈ શકાય તેનો એક વિડિયો બીપીએ દ્વારા અપલોડ કરીને જનજાગૃતિનાં પ્રયાસમાં ઉમદા સઘન પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસને વધુ જન જાગૃતિ માટે બીપીએનાં પ્લેટફોર્મ દ્વારા એક વર્ચ્યુઅલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દેશ-વિદેશનાં પાર્ટીસિપેટો એ ભાગ લીધો હતો. આ મહામારીનાં ગંભીર ચેપી વાઈરસમાં દ્રષ્ટિહીનોને સરળ રીતે મોબીલીટી ઓરીએન્ટેશન માર્ગદર્શન મળી રહે તે હેતુસર વર્ચ્યુઅલ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ વર્ચ્યુઅલ કાર્યક્રમ ૨૭-૦૨-૨૦૨૧નાં રોજ આઈ.સી.વી.આઈ અને બીપીએનાં સંયુક્ત ઉપક્રમે આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં શ્રી રાજેન્દ્ર કે. આર આંતરરાષ્ટ્રીય દિવ્યાંગતા અને ડેવલપમેન્ટનાં કન્સલ્ટન્ટ તેમજ આઈ.સી.વી.આઈનાં પદાધિકારીશ્રી વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## નિવાસી સેન્ટર, ઠાસરા



બીપીએ દ્વારા દિવ્યાંગજનો માટે નિવાસી સેન્ટરનાં વિવિધ વિકલાંગતા ધરાવતાં બાળકો માટે વોકેશનલ તાલીમ તેમજ માનસિક માંદગી મંદબુધ્ધિતા બાળકોની કેર કરતાં સ્ટાફ સાથે મિટીંગ યોજી હતી. મિટીંગમાં ઠાસરાનાં નગરપાલિકાના પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈએ જમીન બિલ્ડીંગ કામ વિશે સ્થાનિક સ્તરે દિવ્યાંગજનો માટે કાર્ય કરવા જણાવ્યું હતું.

આ મિટીંગમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલબેન થાવાણી તેમજ મિહીરભાઈ જાની ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે ઓટોમેટીક પ્લેટ પ્રોડક્શનમશીનનું ઉદ્‌ઘાટન ઠાસરા નગર પાલિકાનાં પ્રમુખ શ્રીનાં વરદ હસ્તે તારીખ : ૨૭-૦૧-૨૦૨૧ નાં રોજ કરવામાં આવ્યું હતું.





# કે.સી.આર.સી ભૂજ સેન્ટર મૂલાકાત

દિવ્યાંગજનો શૈક્ષણિક પુનર્વસન, રોજગારમાં વધુ ક્ષમતા કેળવાય તે માટે બે દિવસીય મુલાકાત બીપીએનાં વરિષ્ઠ પદાધિકારીશ્રી નંદિનીબેન રાવલ, વિમલબેન થાવાણી, ડો. ધર્મેન્દ્ર જૈના અને શ્રી અરિંદમ રોય તથા શ્રી ભરત જોષી એ મુલાકાત લીધી હતી.





કર્મચારીગણ - મીટીંગ



સીબીઆર તાલીમ, રામદેવનગર, ભૂજ





દાતાશ્રીઓ સાથે મીટીંગ



કેસીઆરસીમાં ડીપી વર્લ્ડ બિલ્ડીંગમાં દિવ્યાંગતા સંદર્ભે ખ્યાલ આપતાં શ્રી વિમલબેન થાવાણી દ્રષ્ટિગોચર થાય છે.



લાભાર્થી સાધન સહાય





નેત્ર ચિકિત્સા માટે રજીસ્ટ્રેશન

# સેન્સ ઈન્ડિયા - વર્ચ્યુઅલ કાર્યક્રમ



અભિ પ્રેરણા અને પ્રેયસ ગૃપનાં સંયુક્ત ઉપક્રમે રિજીયોનલ નેટવર્ક મીટીંગ સેન્સ ઈન્ડિયાનાં સહયોગથી તારીખ : ૮ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૧ નાં રોજ આયોજીત કરવામાં આવી હતી. આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતનાં પાર્ટીસિપેટ શિક્ષકો અને વાલીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્ર શાહ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલબેન થાવાણી, તેમજ સેન્સ ઈન્ડિયાનાં દિપક શર્મા અને શ્રુતિલત્તા સાંધે રસપ્રદ અનુભવોની તલસ્પર્શી જાણકારી આપી હતી જ્યારે શ્રી રાજેન્દ્રભાઈ શાહે એસ. ડબલ્યુ.એમ.આર આનંદધામના નિવાસી બાળકોનો ખ્યાલ આપ્યો હતો.





# ડીસા સેન્ટર મુલાકાત

દિવ્યાંગ ભુલકાનાં ડે-કેર સેન્ટર માટે ડીસા તેમજ પાલનપુર સેન્ટરમાં સ્પે. બાળકોનાં માતાપિતાની વાલી મીટીંગમાં બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી અને પ્રોજેક્ટ મેનેજરશ્રી કૃપા વેલાણીએ સેન્ટર મુલાકાત લઈને વાલીજનોને સમજ આપી હતી. આ મીટીંગ તારીખ : ૨૭-૦૧-૨૦૨૧ નાં રોજ કરવામાં આવી હતી.

## કેર ગીવર ક્રોસ - શુભારંભ

દિવ્યાંગ ભૂલકાઓને પ્રથમ તબક્કાની કાળજી રાખવાની જરૂરી બાબતોને સાંકળતા કેર ગીવર ક્રોસ ભૂજમાંથી ડીપી વર્લ્ડ મુદ્રાનાં સહયોગથી તારીખ -૧૦, ૧૧ - ફેબ્રુઆરી, ૨૦૨૧ નાં રોજ શરૂ કરવામાં આવ્યો છે. આ કોર્સમાં તાલીમાર્થીઓને ૬ માસની દિવ્યાંગ બાળકોની સાર સંભાળની તાલીમ આપવામાં આવે છે. આમ તાલીમાર્થી દિવ્યાંગતા ક્ષેત્રમાં કાર્ય કરી દિવ્યાંગતા ક્ષેત્રમાં મદદરૂપ બની શકે છે.

**આ કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન સમારોહમાં આમંત્રિત મહેમાનોમાં**

- ☞ ડો. કશ્યમ બૂચ, સીડીએમઓ, ભૂજ,
- ☞ ડો. પી. કે કાન્ડા, સી.ડી.એચ.ઓ, કચ્છ,
- ☞ ડૉ. જ્ઞાનેશ્વર રોય, માનદ્ ડાયરેક્ટર-કે.સી.આર.સી
- ☞ શ્રીમતિ ચિતોરા રીટાર્યડ પ્રિન્સીપાલ ગવર્મેન્ટ, નર્સીંગ કોલેજ
- ☞ શ્રી લાલજીભાઈ પ્રજાપતિ, નવચેતન અંધજન મંડળ હાજર રહ્યાં હતાં.

જ્યારે બીપીએનાં શ્રી મિહીર જાની, અરવિંદ સિહં ગોહિલ, અરિંદમ રોય તેમજ હરદેવભાઈ તાલીમ સહાયક રહ્યાં હતાં.



Introduction by Mr. Arvindsinh Gohil


Lecture by Mr. Mihir Jani

## દિવ્યાંગજનનો મતાધિકારનો જન જાગૃતિ કાર્યક્રમ





## પીપલજ વાલી મીટીંગ




સ્પે. બાળકોનાં માતાપિતાની વાલી મીટીંગ પીપલજ ખાતે બીપીએ, નડિયાદ દ્વારા તારીખ : ૨૨-૦૨-૨૦૨૧ નાં રોજ આયોજીત કરવામાં આવી હતી. આ મીટીંગમાં બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી વિમલબેન થાવાણી અને પ્રોજેક્ટ મેનેજર શ્રી કૃપા વેલાણી હાજર રહ્યાં હતાં.

આ સમયે વોકેશનલ સેન્ટર માટે ડૉ. કિર્ણા પટેલે તેમનું નિવાસ બી-૨, હરિઓમ સોસાયટી, નડિયાદમાં દિવ્યાંગજનો માટે પ્રિ વોકેશનલ તાલીમ તેમજ બહુવિધ બાળકોની તાલીમ માટે આપવા જણાવ્યું હતું.

## બીપીએ મુલાકાત



સેક્રેટરી ચાર્જ કસ્ટોડિયમ ઈન્ક્લુઝીવ એજ્યુકેશન, વડોદરા અને શ્રીમતિ પ્રોમિલા જલપુરી અને તેની ટીમે તારીખ : ૦૧-૦૨-૨૦૨૧ નાં રોજ બીપીએની મુલાકાત લઈને દિવ્યાંગજનોનાં કાર્ય સબંધિત ખ્યાલ મેળવ્યો હતો.

જ્યારે આવાસ ફાઉન્ડેશન, આવાસ ફાઈનાન્સર લિ નાં શ્રી મનિષ તિવારી સી.ઈ.ઓએ બીપીએની મુલાકાત તારીખ : ૨૮-૨૯-જાન્યુઆરી-૨૦૨૧ નાં રોજ લીધી હતી તેમાં કોમ્યુનિટી બેઈઝ, ઈન્ક્લુઝિવ ડેવલપમેન્ટ અભિગમ અંગે તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેઓએ (સીબીઆઈડી) પ્રોજેક્ટ સુરેન્દ્રનગર જીલ્લાનાં એક ગામમાં સિલાઈ મશીન સ્કુલની મુલાકાત લીધી હતી અને સિલાઈ સ્કુલ મોડલ વર્કથી ખુશ થયાં હતાં. તેઓએ એસ.એસ.જી સભ્યો સાથે ડાયનેમિક પ્રોફેશનલ અને બિઝનેસ એન્ટરપ્રાઈઝનો ખ્યાલ મેળવ્યો હતો.



# બીપીએ પ્રોફેશનલ્સ દ્વારા વર્ચ્યુઅલ મિટીંગો - તાલીમ કાર્યક્રમ

કોવિડ-૧૯ ની દ્વિતીય, તીવ્ર લહેરનાં ઘેરા વમળોમાં કોરોનાનાં નવા સ્ટ્રેઈનમાં દરેક માનવીનાં જીવનમાં વિક્ષેપ થઈ ગયો છે. દિવ્યાંગજનો પણ આ પરિસ્થિતિનો સામનો કરી રહયાં છે. આ સમયે બીપીએ દ્વારા દિવ્યાંગજનો માટે તાલીમ તેમજ વેબીનાર અને પુનર્વસન કાર્યક્રમો વર્ચ્યુઅલ મિટીંગો, વર્ચ્યુઅલ માધ્યમથી કાર્યરત કર્યા હતાં.

સંસ્થાનાં જનરલ સેક્રેટરી શ્રી ડૉ. ભુષણ પુનાની, શ્રી નંદિનીબેન રાવલ-એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી, તેમજ પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી વિમલબેન થાવાણી, શ્રી ભરતભાઈ જોષી - ડેપ્યુટી ડાયરેક્ટર, તેમજ શ્રી કિન્નરી દેસાઈ સિનીયર મેનેજર, ટેકનો ઈન્ચાર્જ શ્રી આર.પી.સોની, એક્યુપેશનલ થેરાપીસ્ટ શ્રી સુનિલ ગૌરીયર વર્ચ્યુઅલ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

| તારીખ | મીટીંગ/પ્રેઝન્ટેશન/પાર્ટીસીપેશન | |
|---|---|---|
| **શ્રી ડૉ. ભુષણ પુનાની , જનરલ સેક્રેટરી** | | |
| ૨, જાન્યુઆરી-૨૦૨૧ | આંતર પ્રિનીયોર્સ દિવ્યાંગજનો માટે ગુજરાત સરકાર, ઈડીઆઈ કેમ્પસ વર્કશોપ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. | આંતરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ. |
| ૧૨, જાન્યુઆરી-૨૦૨૧ | ગ્રૂપ ડિસ્કસન નેશનલ પોલિસી ફોર વોલન્ટરી ઓર્ગેનાઈઝેશનમાં ઉપસ્થિત રહ્યાં. | |
| ૧૮, ફેબ્રુઆરી -૨૦૨૧ | નેશનલ એજ્યુકેશન પોલીસી પાંચ દિવસીય ઓનલાઈન કાર્યક્રમ - યુજીસી દ્વારા સહયોગ કાર્યક્રમ જોડાયા. | અવિનાશી લીંગમ ઈન્સ્ટિટ્યુટ ફોર હોમ સાયન્સ અને ઉચ્ચ શિક્ષણ કોઈમ્બતુર |
| ૧૬, માર્ચ ૨૦૨૧ | ક્રિએટીંગ ઈન્કલુઝિવ એન્વાયરમેન્ટ "નેશનલ પોલીસી ઓન એજ્યુકેશન" | NIEPVD-AWES નો ઈન્કલુઝીવ એજ્યુકેશનનો કેપીસીટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ |
| **શ્રી નંદિનીબેન રાવલ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર** | | |
| ૧૩, જાન્યુઆરી - ૨૦૨૧ | પ્રિવેન્શન ઓફ સેક્યુઅલ હેરેસમેન્ટ વર્ક પ્લેસ એન.જી.ઓ મેમ્બર તરીકે (પી.જી ઈન્ડિયા) માં હાજર રહ્યાં | કુશલ સ્વામી, પી.જી ઈન્ડિયા, લોજીસ્ટીક્સ |
| ૨૧,જાન્યુઆરી - ૨૦૨૧ | મૂલ્યાંકન વ્હીલચેર મોટીવેશન કાર્ય અંતર્ગત મીટીંગ મોટીવેશન ઈન્ડિયામાં રહ્યાં. | મોટીવેશનલ ઈન્ડિયા |
| ૨૯, જાન્યુઆરી - ૨૦૨૧ | બોર્ડ ટ્રસ્ટ મિટીંગ | ઈન્કલુઝીવ એજ્યુકેશન |
| ૩૦, જાન્યુઆરી - ૨૦૨૧ | બોર્ડ ટ્રસ્ટ મિટીંગ | એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન |
| ૧૩, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૧ | ઓનલાઈન કોન્ફરન્સ | આઈ.સી.ઈ.વી.આઈ ઈસ્ટ ઈન્ડિયા |
| ૧૭, ફેબ્રુઆરી-૨૦૨૧ | અર્લી ઈન્ટરવેશન અલ્પદર્ષ્ટિ અને દ્રષ્ટિક્ષતિ બાળકો માટે સી.આર.ઈ પ્રોગ્રામ પ્રેઝન્ટેશન | NIEPVD આર.સી.આઈ માન્યતા પ્રાપ્ત સી.આર.ઈ પ્રોગ્રામ |
| ૧૮, ફેબ્રુઆરી - ૨૦૨૧ | ઓનલાઈન રિસર્ચ ઈન સ્પેશ્યલ એજ્યુકેશન | હોમ સાયન્સ માટેની અવિનાસીલીંગમ ઈન્સ્ટિટ્યુટ અને હાયર એજ્યુકેશન, કોઈમ્બતુર |
| ૨૨, માર્ચ - ૨૦૨૧ | વિકલાંગો માટે એડવોકેસી રોલ માટે એડવોકેસી વેબીનાર | NIEPVD દેહરાદુન |
| ૨૫, માર્ચ - ૨૦૨૧ | પ્લેનરી સેશન ઓનલાઈન ઈન્કલુઝીવ ઈન ધ નોર્થ ઈદ્વટ આઈ.સી.વી.આઈ રીજ્યોનલ કોન્ફરન્સ | ICEVI - INDIA BPA SOCIETY |
| ૨૮, માર્ચ - ૨૦૨૧ | બી. એડ. અભ્યાસક્રમ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ | રીહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા |
| ૨૮, માર્ચ - ૨૦૨૧ | લીડરશીપ સ્કીલ્સ એન્ડ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ મોબીલાઈઝેશન રિસોર્સ તાલીમ વર્કશોપ | અલ ઈન્ડિયા કન્ફરન્સ ઓફ ધી બ્લાઈન્ડ (AICB) |
| **શ્રી વિમલ થાવાણી, પ્રોજેક્ટ ડાયરેક્ટર** | | |
| ૩, ફેબ્રુઆરી - ૨૦૨૧ | વ્યક્તિગત એજ્યુકેશન પ્લાન અને ટીચીંગ સ્ટ્રેટેજી | અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| ૨૫, માર્ચ -૨૦૨૧ | રાઈટ ચિલ્ડ્રન વીથ () મુખ્ય પ્રવાહ સંકુલ પ્લેનેરી સેશન ૨ માં આઈ.સી.ઈ.વી.આઈ નોર્થ ઈસ્ટ, રિજીયોનલ કોન્ફરન્સ | દ્રષ્ટિક્ષતિ માટે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન ICEVI-INDIA અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| **શ્રી ભરત જોષી, ડેપ્યુટી ડાયરેક્ટર - રિસોર્સ મોબીલાઈઝેશન** | | |
| | રાઈટ પર્સન વીથ ડિસેબીલીટી એક્ટ - ૨૦૧૬ | પી.એન.આર સોસાયટી વિકલાંગો માટેનું રિહેબીલેશન સેન્ટર, ભાવનગર |
| **શ્રી કિન્નરી દેસાઈ, સિનીયર મેનેજર** | | |
| ૨૬, માર્ચ - ૨૦૨૧ | આઈ.સી.ઈ.વી.આઈ, ઈન્કલુઝીવ ઈન ધ નોર્થ ઈસ્ટ રીજીયોનલ કોન્ફરન્સ | ICEVI-INDIA, અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| **શ્રી બી. કે. પંચાલ, કોર્સ કો-ઓર્ડિનેટર** | | |
| ૭, જાન્યુઆરી - ૨૦૨૧ | રીજીયોનલ મોબીલીટી તાલીમ | અંધજન મંડળ, વસ્ત્રાપુર, સેન્સ ઈન્ટરનેશનલ, ઈન્ડિયા |
| ૨૪, માર્ચ - ૨૦૨૧ | 'હ્યુમન ગાઈડ ટેકનીક' કોવિડ મોબીલીટી દ્રષ્ટિહીનો માટે ઓરીએન્ટેશનનું મહત્વ | દ્રષ્ટિહીનો માટે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન આઈ.સી.ઈ.વી.આઈ વેસ્ટ એશિયા, અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| **શ્રી આર. પી. સોની, ટેકનોલોજી લેબ ઈન્ચાર્જ, શ્રી વિધી શાહ, કો-ઓર્ડિનેટર** | | |
| ૩, જાન્યુઆરી - ૨૦૨૧ | ગાણિતીક પઝલ | તાન્યા કોમ્પ્યુટર સેન્ટર |
| ૧૦, ૧૭ અને ૨૪ જાન્યુઆરી-૨૦૨૧ | ભાષાની રમતો | તાન્યા કોમ્પ્યુટર સેન્ટર |
| ૧૩, ૧૪, ફેબ્રુઆરી - ૨૦૨૧ | વે ઓફ લાઈફ, આઈ સી ઈ વી આઈ બીપીએ ઈસ્ટ ઈન્ડિયા કોન્ફરન્સ | દ્રષ્ટિહીનો માટે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન આઈ.સી.ઈ.વી.આઈ વેસ્ટ એશિયા, અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| ૭, ૧૪, ૨૧ માર્ચ - ૨૦૨૧ | કાલ્પનિક લેખન વર્કશોપ | તાન્યા કોમ્પ્યુટર સેન્ટર |
| ૨૫, ૨૬, માર્ચ - ૨૦૨૧ | આઈ.સી.ઈ.વી.આઈ બીપીએ, ઈસ્ટ ઈન્ડિયા કોન્ફરન્સ ઈન્કલુઝીવ વે ઓફ લાઈફ | દ્રષ્ટિહીનો માટે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન આઈ.સી.ઈ.વી.આઈ વેસ્ટ એશિયા, અંધજન મંડળ, વસ્ત્રાપુર |
| **શ્રી સુનિલ ગૌરીઅર, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ** | | |
| ૧૬, ફેબ્રુઆરી - ૨૦૨૧ | દ્રષ્ટિક્ષતિ પુનર્વસન એક્યુપેશન થેરાપી કાર્યક્રમ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ એસોસીએશન |
| ૧૫, માર્ચ - ૨૦૨૧ | બાળકો માટે સેન્સરી ઈસ્યુ કાર્યક્રમ | AIMS, લપકામણ |
| ૩૦, માર્ચ - ૨૦૨૧ | બાળકો માટે સેન્સરી ઈસ્યુ કાર્યક્રમ | પારૂલ યુનિવર્સીટી |

# ૨૬, જાન્યુઆરી-૨૦૨૧ પ્રજાસત્તાક દિન ઉજવણી - બીપીએ સેન્ટરો



અંધજન મંડળ કેમ્પસ, વસ્ત્રાપુર



બીપીએ પોરેચા હોસ્પિટલ, બારેજા



બીપીએ, કેસીઆરસી, ભૂજ



એમએસએમ, નાઝ સેન્ટર



સંમ્મિલિત પાઠશાળા, બાવળા




પ્રથમવાર પ્રજાસત્તાક દિને જાનકી ડિપાર્ટમેન્ટ સાઈન લેન્ગવેજ દ્વારા સામેલ થયા

નેશનલ એસોસિએશન ફૉર ધી બ્લાઈન્ડ (ગુજરાત સ્ટેટ બ્રાન્ચ) દ્વારા આપ સૌને વિનંતી કરવામાં આવે છે કે, આપની સંસ્થા દ્વારા વિકલાંગજનોના વિકાસાર્થે થતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાન માળાઓ, સેમિનાર ઈત્યાદિની માહિતી ફોટા સહિત મોકલી આપશો તો ન્યુઝલેટરમાં યોગ્ય માહિતી પ્રસ્તુત કરી શકાશે.

ફોન નં. : (079) 26304070, 26303513, 26305082 ફેક્સ : (079) 26300106,
ઈ -મેઈલ : blinabad1@bsnl.in; bpaiceviad1@bsnl.in વૅબસાઈટ : www.bpaindia.org

મુદ્રક-પ્રકાશક : શ્રીમતી નંદિનીબહેન મુન્શા, સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત

સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી પ્રકાશક સહાયક : શ્રી હરિશભાઈ એમ. પંચાલ,

કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી ઝાકીર સિપાઈ,

પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ તસ્વીરો : શ્રી ભરત એ. ધુરી

*If not delivered, please return to:*
BPA Research and Newsletter
**Blind People's Association**
***(Formerly Blind Men's Association)***
Vastrapur, Ahmedabad-380015
Gujarat, INDIA

**BOOK POST**

**To,**